નિયામકશ્રી,(આઈસીડીએસ)ની કચેરીના વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓને બઢતી / ઉચ્ચત્તર પગાર ધોરણ આપવા માટે સમિતિની રચના કરવા બાબત.

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક:WCDD/TAH/e-file/23/2023/0142/B1

સચિવાલય,ગાંધીનગર.

પ્રસ્તાવના:-

મહિલા અને બાળ વિકાસ વિભાગ હેઠળની નિયામકશ્રી, (આઈસીડીએસ) ની કચેરીનાં વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓની બઢતી અને ઉચ્ચત્તર પગાર ધોરણ હેતુ પસંદગી સમિતિની રચના કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

ઠરાવ:-

મહિલા અને બાળ વિકાસની કચેરી હેઠળની નિયામકશ્રી (આઇસીડીએસ)ની કચેરીના કર્મચારીઓ માટે

(અ) વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓનું ઉચ્ચતર પગારધોરણ મંજુર કરવા,

(બ) વર્ગ-૩ના કર્મચારીઓને વર્ગ-૨માં બઢતી આપવા,

(ક) વર્ગ-૩ના કર્મચારીઓને વર્ગ-૩માં બઢતી આપવા માટે,

નીચે મુજબની પસંદગી સમિતિઓની રચના કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧. | કમિશ્નરશ્રી (આઈસીડીએસ)/નિયામકશ્રી (આઈસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી | અધ્યક્ષશ્રી |
| ૨. | સંયુકત નિયામકશ્રી (આઈસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી | સભ્યશ્રી |
| ૩. | ઉપસચિવશ્રી (આઈસીડીએસ), મહિલા અને બાળ વિકાસ વિભાગ | સભ્યશ્રી |
| ૪. | હિસાબી અધિકારીશ્રી, નિયામકશ્રી(આઈસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી | સભ્યશ્રી |
| ૫. | નાયબ નિયામકશ્રી/મદદનીશ નિયામકશ્રી (મહેકમ/વહીવટ), નિયામકશ્રી(આઈસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી | સભ્ય સચિવશ્રી |

આ સમિતિ સરકારશ્રીના બઢતી અને ઉચ્ચત્તર પગારધોરણ મંજૂર કરવા અંગેના પ્રવર્તમાન નીતિનિયમ/ધારાધોરણની તમામ સૂચનાનાં પાલન સાથે બઢતી/ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવાની દરખાસ્તો પર વિચારણા કરી, સરકારશ્રીને ભલામણ કરશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(જે.આઇ.લેઉવા)

ઉપસચિવ

મહિલા અને બાળ વિકાસ વિભાગ,

- માન.મંત્રીશ્રી, (મ.બા.ક) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક નં-૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નિયામકશ્રી (આઈસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક નં-૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી રાજકોટ/અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાધીનગર
- શાખા સિલેકટ ફાઈલ
- સિસ્ટમ મેનેજર, મહિલા અને બાળ વિકાસ વિભાગ, વેબસાઇટ પર મૂકવા સારૂ.

Signature Not Verified
Signed by:J I Leuva
Under Secretary
Date: 2023.05.18
14:25:37 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign